# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૫/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બર દ્વારા સભ્યોને વેપાર – ધંધાનો વિકાસ વધારવા હેતુ એક દિવસીય 'SBC બિઝનેસ એક્ષ્પો' યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ચેમ્બરના સભ્યોને પોતાના વેપાર – ધંધાનો વિકાસ વધારવા માટે એકબીજાને મદદરૂપ થાય તે હેતુથી ગુરૂવારે, તા. ૨૫ એપ્રિલ ૨૦૧૯ના રોજ સવારે ૧૦:૦૦થી રાત્રે ૮:૦૦ કલાક દરમિયાન સિટીલાઇટ રોડ સ્થિત માહેશ્વરી ભવન ખાતે 'SBC બિઝનેસ એક્ષ્પો'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. સવારે ૧૦:૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતા, પ્રમુખ ઇલેકટ શ્રી કેતન દેસાઇ, ઉપપ્રમુખ ઇલેકટ શ્રી દિનેશ નાવડિયા અને તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ સીએ પી.એમ. શાહના વરદ હસ્તે 'SBC બિઝનેસ એક્ષ્પો'નું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટયવિધી સાથે એક્ષ્પોનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, ચેમ્બર માટે ઉદ્યોગપતિઓ અને વેપારીઓ બિઝનેસ કરી શકે તે મહત્વનું છે. ચેમ્બરનું SGCCI બિઝનેસ કનેકટ ફોરમ બિઝનેસ ડેવલપમેન્ટ અને બિઝનેસ ગ્રોથ માટે જ છે. આથી ઉદ્યોગપતિઓ અને વેપારીઓ અંદરોઅંદર સંકલન સાધીને બિઝનેસ મેળવી ગ્રોથ કરી રહયાં છે. ભવિષ્યમાં આ ફોરમ વટવૃક્ષ બને એવી શુભકામના છે.

ચેમ્બરના તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ સીએ પી.એમ. શાહે જણાવ્યુ હતુ કે, SGCCI બિઝનેસ કનેકટ કે જે સપોર્ટ એન્ડ પ્રમોટના સિદ્ધાંતને અનુસરી ચેમ્બરના સભ્યોને પરસ્પર જોડાઈને પોતાના વેપાર–ધંધાનો વિકાસ વધારવામાં એકબીજાને મદદરૂપ થાય છે. વર્ષ દરમિયાન SGCCI બિઝનેસ કનેકટના સભ્યોએ અંદરોઅંદર રૂપિયા સાડા છ કરોડથી વધુનો બિઝનેસ મેળવ્યો છે.

'SBC બિઝનેસ એક્ષ્પો'ના ચેરમેન શ્રી દિપકકુમાર શેઠવાલાએ જણાવ્યુ હતુ કે, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નવા પરિમાણ SGCCI બિઝનેસ કનેકટ – SBCની બે વર્ષથી શરૂઆત કરવામાં આવી હતી. સભ્યોને વધુમાં વધુ બિઝનેસ મળી શકે એ હેતુથી આ એક્ષ્પો યોજાયો હતો અને સભ્યોને બિઝનેસ પણ મળ્યો હતો.

ચેમ્બરના પ્રમુખ ઇલેકટ શ્રી કેતન દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો. ઉપપ્રમુખ ઇલેકટ શ્રી દિનેશ નાવડિયાએ પણ એક્ષ્પો માટે બધાને શુભકામના પાઠવી હતી. મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી નિખિલ મદ્રાસીએ ઉદ્‌ઘાટન સમારોહમાં પ્રાસંગિક વિધી કરી હતી.

'SBC બિઝનેસ એક્ષ્પો'માં કુલ ૩ર સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. જેમાં ટેક્ષ્ટાઇલ મશીનરી, સોફટવેર ડેવલપમેન્ટ, ઓટોમેશન, ઉદ્યોગપતિ – વેપારી અને વિદ્યાર્થીઓ માટે ઇમીગ્રેશન કન્સલ્ટન્સી, ટેલીકોમ્યુનિકેશન, સીસીટીવી, હોમ ઓટોમેશન, સિકયુરિટી સર્વેલન્સ અને ઓફિસ ઓટોમેશન, રિયલ એસ્ટેટ ડેવલપર્સ, ટુ વ્હીલર ડીલરશિપ, મોબાઇલ એસેસરી, હોમમેડ ચોકલેટ, મ્યુચ્યુઅલ ફંડ, એલઆઇસી અને જનરલ ઇન્સ્યુરન્સ, ડિજીટલ માર્કેટીગ, પ્રિન્ટીગ એન્ડ ઓડિયો – વીડિયો સોલ્યુશન, આયુર્વેદીક પ્રોડકટ્સ, હેલ્થકેર વેલનેસ એન્ડ પર્સનલ તથા મેન્યુફેકચર અને હોલસેલ સપ્લાયર્સ સહિતના વિવિક સેગ્મેન્ટને આવરી લેવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને શહેરીજનોએ આ એક દિવસીય એક્ષ્પોનો લાભ લીધો હતો.